# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-11-2024 Evening : 7.50 to 8.00

Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

- ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનો ચુંટણી પ્રચાર વેગવંતો બન્યો. વિવિધ રાજકીય પક્ષોના અગ્રણી નેતાઓ જોરશોરથી પ્રચાર કરી રહયાં છે.
- મહારાષ્ટ્ર વિધાનસભા ચુંટણી માટે ભાજપ અને મહાવિકાસ અઘાડી ગઠબંધને ચુંટણી ઢંઢેરો જાહેર કર્યો.
- કેનેડિયન પોલીસે બ્રેમ્પટનમાં એક હિન્દુ મંદિર પર હુમલાના સંબંધમાં અન્ય એક વ્યક્તિની ધરપકડ કરી છે.
- રશિયા અને યુક્રેન વચ્ચે ગઇ મોડી રાત્રે રેકોર્ડ સંખ્યામાં ડ્રોન હુમલા થયા.
- નવી દિલ્હીમાં આજે પાંચ દિવસીય ૭૩મી ઓલ ઇન્ડિયા પોલીસ એથલેટીકસ કલસ્ટર ચેમ્પીયન શીપ શરૂ થઇ.
- દક્ષિણ આફ્રિકાના સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે ભારત સામેચાર મેચોની શ્રેણીની બીજી ટી ટવેન્ટી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનું નકકી કર્યું છે.

. ****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# JHARKHAND CAMPAIGNING

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનો પ્રચાર આવતીકાલે પુર્ણ થાય તે પહેલાં, વિવિધ રાજકીય પક્ષોના અગ્રણી નેતાઓ પોતપોતાના પક્ષના ઉમેદવારોને વિજયી બનાવવા માટે જોરશોરથી પ્રચાર કરી રહયાં છે.

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુમલા અને બોકારોમાં જાહેર સભાઓને સંબોધી હતી. તેમણે પુનરોચ્ચાર કર્યો કે ભાજપ-એનડીએ સરકાર સબકા સાથ, સબકા વિકાસના મંત્ર માટે પ્રતિબદ્ધ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ માર્ગને અનુસરવાથી ઝારખંડ અને દેશ બંનેનો વિકાસ થશે.

(બાઇટ – પીએમ)

તેમણે રાજ્યમાં કૃષિને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે રાગી જેવા અનાજનું ઉત્પાદન અને વેચાણ વધારવાની યોજનાની પણ જાહેરાત કરી હતી. તેમણે ખેડૂતો અને તેમના હિતોને મદદ કરવા માટે પગલાં લેવા બદલ ભાજપના ઝારખંડ યુનિટની પ્રશંસા કરી.

ઝારખંડ મુક્તિ મોરચાના વરિષ્ઠ અને મુખ્યમંત્રી હેમંત સોરેને રાંચીમાં ચૂંટણી રેલી યોજી હતી. તેમણે ભાજપ પર કેન્દ્રીય એજન્સીઓનો દુરઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. શ્રી સોરેને કહ્યું કે ઝારખંડના લોકો આ બધું જોઈ રહ્યા છે અને તેઓ આગામી ચૂંટણીમાં ભાજપને જવાબ આપશે.

બુધવારે પ્રથમ તબક્કામાં 43 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. આ મહિનાની 20 તારીખે બીજા તબક્કામાં 38 બેઠકો માટે મતદાન થશે.

# MAHARASTRA ELECTION

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે આજે મુંબઈમાં આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીનું 'સંકલ્પપત્ર બહાર પાડ્યું. આ ચુંટણી ઢંઢેરામાં, ભાજપે લાડકી બહેન યોજના હેઠળ માસિક સહાય 1 હજાર 500 થી વધારીને 2 હજાર 100 કરવાની, વૃદ્ધાવસ્થા પેન્શનમાં વધારો, 10 લાખ વિદ્યાર્થીઓ માટે 10 હજાર રૂપિયા માનદ વેતન અને પુનઃપ્રાપ્ય ઉર્જા વીજળીના બિલમાં 30 ટકા ઘટાડો કરવાનું વચન આપ્યું છે. ચૂંટણી ઢંઢેરામાં, ભાજપે આગામી પાંચ વર્ષમાં એક કરોડ રોજગારીની તકોનું સર્જન કરવાનું, કૃષિ માટે સૌર ઉર્જાનો ઉપયોગ કરવાનું અને સિંચાઈ યોજનાઓ દ્વારા મહારાષ્ટ્રને દુષ્કાળથી બચાવવાનું વચન આપ્યું છે. બીજી તરફ વિપક્ષી મહા વિકાસ અઘાડી ગઠબંધને પણ મુંબઈમાં પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ NCP SP નેતા સુપ્રિયા સુલે, શિવસેના (UBT) નેતા સંજય રાઉત અને MVA ગઠબંધનના અન્ય મુખ્ય નેતાઓની હાજરીમાં ચુંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો. એમવીએ મહિલાઓ માટે દર મહિને 3 હજાર સુધીની માસિક સહાય, બેરોજગાર શિક્ષિત યુવાનો માટે દર મહિને 4 હજાર સુધી, ખેડૂતો માટે 3 લાખ સુધીની લોન માફી અને રાજ્ય સરકારમાં અઢી લાખ જગ્યાઓ પર ભરતીનું વચન આપ્યું છે.

## CANADA-POLICE

કેનેડિયન પોલીસે બ્રેમ્પટનમાં એક હિન્દુ મંદિર પર હુમલાના સંબંધમાં અન્ય એક વ્યક્તિની ધરપકડ કરી છે. બ્રેમ્પટનના ગોરી રોડ ખાતે 3 નવેમ્બરના

રોજ એક હિન્દુ મંદિરમાં પ્રદર્શન દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. અમારા સંવાદદાતા જણાવે છે કે ઘટનાની તપાસ માટે એક ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવી હતી. આ ઘટના આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બની હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેને ભારતીય રાજદ્વારીઓને ડરાવવાનો ઇરાદાપૂર્વકનો અને કાયર પ્રયાસ ગણાવ્યો હતો. તેમણે કેનેડાની સરકારને ન્યાય અને કાયદાનું શાસન જાળવવા વિનંતી કરી હતી.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## UKRAINE-RUSSIA ATTACK

રશિયા અને યુક્રેન વચ્ચે ગઇ મોડી રાત્રે રેકોર્ડ સંખ્યામાં ડ્રોન હુમલા થયા. મોસ્કોએ ગઈકાલે રાત્રે કુલ 145 ડ્રોન લોન્ચ કર્યા હતા, જે યુદ્ધના રાત્રિના સમયે થયેલા હુમલામાં સૌથી વધુ છે.

યુક્રેને આજે મોસ્કો પ્રદેશ તરફ 34 ડ્રોન છોડ્યા હતા. 2022માં યુદ્ધની શરૂઆત પછી રશિયન રાજધાની પર આ સૌથી મોટો ડ્રોન હુમલો છે, જેના કારણે શહેરના ત્રણ મુખ્ય વિમાની મથકો પરથી ફ્લાઇટ્સ ડાયવર્ટ કરવાની ફરજ પડી

હતી અને ઓછામાં ઓછા એક વ્યક્તિને ઇજા પહોંચી હતી. જો કે કોઈ મોટું નુકસાન થયું નથી.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિને ઉત્તર કોરિયા સાથે દેશની વ્યૂહાત્મક ભાગીદારી અંગેની સંધિ પર હસ્તાક્ષર કર્યા પછી ડ્રોન હુમલો થયો છે જેમાં પરસ્પર સંરક્ષણ જોગવાઈનો સમાવેશ થાય છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે, અઠવાડિયા દરમિયાન, રશિયાએ 800 થી વધુ બોમ્બ અને 600 સ્ટ્રાઈક ડ્રોન અને વિવિધ પ્રકારની લગભગ 20 મિસાઈલોનો ઉપયોગ કર્યો છે.

## DELHI LG-POLICE CHAMPIONSHIP

પાંચ દિવસીય 73મી ઓલ ઈન્ડિયા પોલીસ એથ્લેટિક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ 2024-25 આજે નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે શરૂ થઈ. દિલ્હીના ઉપ રાજયપાલ વિનય કુમાર સક્સેનાએ સ્પર્ધાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ચેમ્પિયનશિપનું આયોજન ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યું છે અને 25 રાજ્યો, ચાર કેન્દ્રશાસિત પ્રદેશો અને 10 કેન્દ્રીય સશસ્ત્રપોલીસ દળોના લગભગ 1 હજાર 100 ખેલાડીઓ ભાલા ફેંક, ગોળફેક, રિલે દોડ અને સ્ટીપલચેઝ જેવી વિવિધ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. આ ચેમ્પિયનશિપનો હેતુ પોલીસ અધિકારીઓમાં શારીરિક તંદુરસ્તી અને એથ્લેટિક્સ શ્રેષ્ઠતાને પ્રોત્સાહિત કરવાનો છે. જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે એથ્લેટિક્સ

સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે અને સાઈકલીંગ સ્પર્ધા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફડિઝાસ્ટર મેનેજમેન્ટ, સેક્ટર-29, રોહિણી ખાતે યોજવામાં આવી છે.

## CRICKET-IND-SA

દક્ષિણ આફ્રિકાના સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે ભારત સામેચાર મેચોની શ્રેણીની બીજી ટી ટવેન્ટી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનું નકકી કર્યું છે. હમણા મળતા સમાચાર મુજબ ભારતે બે ઓવરમાં બે વિકેટે છ રન બનાવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવારે સીરિઝની શરૂઆતમાં ભારતે યજમાન ટીમને 61 રને હરાવ્યું હતું. ભારતે આપેલા લક્ષ્યાંકનો પીછો કરવામાં સાઉથ આફ્રિકા નિષ્ફળ રહ્યું હતું. પ્રથમ બેટિંગ કરવાનું કહેવામાં આવ્યા બાદ ભારતે 20 ઓવરમાં 8 વિકેટે 202 રન બનાવ્યા હતા. જવાબમાં સાઉથ આફ્રિકા માત્ર 141 રન પર જ આઉટ થઈ ગયું હતું.

## PM CONDOLENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફિલ્મ કલાકાર થિરુ દિલ્હી ગણેશના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

શ્રી મોદીએ કહ્યું કે તમિલ અભિનેતાને અદભૂત અભિનય કૌશલ્યનો આશીર્વાદ મળ્યો છે. તેમણે કહ્યું કે તેમની દરેક ભૂમિકા અને દર્શકો સાથે જોડાવાની ક્ષમતાને કારણે તેમને ઘણી પેઢીઓ લાંબા સમય સુધી યાદ કરશે.

# SRILANKA-INS VELA

ભારતીય નૌકાદળની સબમરીન INS વેલા આજે ત્રણ દિવસની મુલાકાતે કોલંબો પહોંચી છે. શ્રીલંકાની નૌકાદળ દ્વારા સબમરીનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન સબમરીનના ક્રૂ અને શ્રીલંકાના નૌકાદળના કર્મચારીઓ વચ્ચે ઘણી ટીમ નિર્માણ કવાયતનું આયોજન કરવામાં આવ્યું છે. INS વેલા, એક સ્વદેશી ડીઝલ-ઇલેક્ટ્રિક સબમરીન છે, જેને નવેમ્બર 2021 માં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવી હતી. આ મુલાકાતને ઓપરેશનલ ટર્નઅરાઉન્ડ (OTA) તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. ભારતીય નૌકાદળ અને કોસ્ટ ગાર્ડ જહાજો અને સબમરીન દ્વારા શ્રીલંકા માટે નિયમિત પોર્ટ કૉલ્સ બંને દરિયાઈ રાષ્ટ્રો વચ્ચે દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આ મુલાકાતો ભારતની પાડોશી પ્રથમ નીતિ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 'SAGAR' પહેલના વિઝનને પ્રતિબિંબિત કરે છે, જે દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક જોડાણને વધારવા માંગે છે.

# MANDAVIYA PADYATRA

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આ બુધવારે જનજાતિ ગૌરવ દિવસ નિમિત્તે છત્તીસગઢના જાશપુર ખાતે માય ભારત યુવા સ્વયંસેવકો સાથે પદયાત્રા કરશે. આ કાર્યક્રમમાં છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ સહિત રાજ્યના અન્ય મંત્રીઓ પણ ભાગ લેશે.

આ કાર્યક્રમમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણી કરાશે અને તેમના વારસા અને રાષ્ટ્રના વિકાસમાં આદિવાસી સમુદાયોના નોંધપાત્ર યોગદાનને સન્માનિત કરાશે. આ વિશેષ કાર્યક્રમ આદિવાસી વારસાની ઉજવણી કરે છે, સમાવેશને પ્રોત્સાહન આપે છે અને દેશભરના આદિવાસી સમુદાયોને લાભ આપતી સરકારી યોજનાઓ અંગે જાગૃતિ ફેલાવે છે.